# ઈડરના ચાડપથી આઝાદીનો અમૃત મહોત્સવ કાર્યક્રમ

## ૭૫ સ્થળો એ એકસાથે રાષ્ટ્ર પ્રેમ જગાવતો વિવિધ કાર્યક્રમ રજૂ કરાયા

ઈડર તા.૧૨

ઈડર તાલુકાના ચાડપ ગામે આઝાદી નો અમૃત મહોત્સવ રશ્મિકાંત પંડ્યા (બિન આયોગ ના ઉપાધ્યક્ષ,)ની અધ્યક્ષ તામાં યોજાયો જેમાં મોટી સંખ્યા માં ગામલોકો તેમજ તાલુકા ભરમાં થી લોકો ઉપસ્થિત રહ્યા હતા આ પ્રસંગે વિવિધ સંસ્કૃતિ કાર્યક્રમો યોજવામાં આવ્યા હતા.જેમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદી ના અમદાવાદ ખાતેના પ્રવચન ને લાઈવ નિહાર્યો હતો.આ પ્રસંગે ઈડર પ્રાંત અધિકારી એસ.એન.પરિખ મામલતદાર ,તાલુકા વિકાસ અધિકારી સાથે ભાજપ સંગઠન ના પ્રમુખ પ્રેમલ દેસાઈ,મહામંત્રી રાજુભાઈ પટેલની ઉપસ્થિત માં યોજાયો હતો.

**ચાંડપ ગામનો ઇતિહાસ**

અંગ્રેજો ની નિતી રિતિના વિરૂધ્ધ માં ૧૮૫૭ માં મહાન વિપ્લવ સમગ્ર દેશમાં પ્રસરો હતો તેમ બૃહદ સાબરકાંઠા માં પણ જોડાયું હતું.આ જિલ્લા ના માલપુર,પ્રાતિજ ,ઈડર અને ભિલોડા તાલુકાઓમાં પણ વિપ્લવ અંગે સારી કામગીરી થઈ હતી.તેમાં ઈડર તાલુકા ના ચાંડપ અને મુડેટી ગામે બનેલા બનાવો વધુ જાનીતા છે,

**ચાંડપના કોળીઓ.**

ચાંડપ ઈડર થી નજીક આવેલું. કોળીઓનું મુખ્ય વસ્તી ધરાવતું ગામ હતું.ઈ.સ.૧૮૫૭ માં ગામનો વહીવટ મુખી નાથજી ગામેતી તથા યમાજી ગામેતી સાંભળતા હતા,વિપ્લવ દરમ્યાન વડોદરાના ગાયકવાડે તકેદારી રાખવા માટે તથા શાંતિ જાળવવા



માટે ૧૦ઘોડે સવાર યુક્ત થાણું ચાંડપ માં નાખ્યું,તેથી ગામેતી ઓ વગેરે ઉશ્કેરાઈને ખુલ્લો બળવો પોકાર્યો હતો,

બળવા માટે ગામમાં ત્વરિત તૈયારી થઈ, સ્ત્રી ઓ બાળકો અને વૃદ્ધો ને આસપાસના ડુંગલોની ઝાડીઓમાં સંતાડી દીધા લગભગ ૯૦૦ જેટલા કોળીઓ તલવારો અને તિરકામઠા ધારણ કરી ને બળવા માં જોડાયા વિપલવવાદીઓએ ચાંડપ ની આસપાસ ના રસ્તાઓને ઘેરી લીધા .બધાજ વિપ્લવ વાદીઓ ને બિન શરતી માફી ન અપાય ત્યાં સુધી કોઈ પણ વ્યક્તિ શરણા ગતિ સ્વીકારવા તૈયાર ન હતી,બળવો વધુ ઉગ્ર બન્યો,ચાંડપના આસપાસના બે ગામોનો સાથ લઈને નાથજી તથા તેના સાથીદારો ગાયકવાડે મુકેલા દસ ઘોડે સવારો પર તૂટી પડ્યા.એક ઘોડે સવાર મરાયો બે ગાયલ થયા,તેથી ૨૦ મી સપ્ટેમ્બર ૧૮૫૭ ના રોજ ૧૭ ઘોડે સવારો તથા ૫૬ સૈનીકો ની ટુકડીએ ચાડપ ને ઘેરી લીધું તેમ છતાં વિપ્લવ કારીઓ તાબે થાય નહીં,તેથી મહાકાંઠા એજન્સીના મુખ્ય મથક સાદરા થી વધારાનું લશ્કર બોલાવ્યું તો બીજી બાજુ ચાંડપ ને પણ ડોભાડા ગામે શસ્ત્રો પૂરા પડ્યા.કડી ગામે પણ ચાંડપ ને સાથ આપવા તૈયારી બતાવી.પણ ગાયકવાડે જાહેરનામું બહાર પાડી ને ચાડપ ને મદદ કરનારને નશ્યત કરવાનું જાહેર કર્યું,જેથી ચાંડપ ને કડી ગામની મદદ મળી શકી નહીં.

ચાંડપના બળવા ને દબાવી દેવા માટે ૧૮૫૭ની ૧૭ મી ઓકટોબરે ખેરાલુ કુમાવીસદારની આગેવાની હેઠળ ગાયકવાડે ૨૦ ગોલંદાજો ૭મી રેજીમેન્ટ ના ૨૫૦ સવારો,૧૧૦ગુજરાતી સવારો,૨૪૦ ગાયકવાડી સવારો,૧૭ ઈડર ના રાજાના અને ૧૨૫ ઈડરના રાજાના ચાકરિયાતો મળી ને કુલ ૭૮૨ની લશ્કરની ટુકડી મોકલી. આ ટુકડીએ ચાંડપ બળવાને સખત હાથે દાબી દીધો.ચાંડપના મોટા ભાગના ઘરો બાળી દઈને ચાંડપ ને ઉજ્જડ બનાવીને બળવાનું વેર લેવામાં આવ્યું. જેથી ચાંડપ ના લોકો ગભરાયા અને નાથજી તથા તેના સથીઓના ભય સામે પોલિટિકલ એજન્ટ રક્ષણ આપે તે શરતે શરણાગતિ સ્વીકારવા તૈયાર થયા. પણ નાથજી મક્કમ હતો તેને ૨૫/૧૦/૧૮૫૭ ના રોજ પોલિટિકલ એજન્ટ ને ધમકી આપતા પત્ર માં લખી જણાવ્યું કે 'ત્રણ રાત્રી અગાઉ અમે કુલપુરમાં મળ્યા હતા.તમને જાસાચીઠ્ઠી પણ લખી હતી.તેની નોંધ સરખી પણ તમે લીધી નથી .જો ૧૫ દિવસમાં ચીઠ્ઠી માં જણાવ્યા પ્રમાણે નહીં કરો તો તમારું જીવન જોખમમાં છે'ત્યાર પછી પણ વિપ્લવકારોને પકડવાની ઝુંબેશ ચાલુ રહી.

આમ નાનકડા ચાંડપ ગામે સતત ત્રણ માસ સુધી બહાદુરી પૂર્વક સરકારી દળો નો સામનો કર્યો .ચાંડપ નો બળવો એટલો ઉગ્ર હતો કે ,પોલિટિકલ એજન્ટ મેજર વાઈટ લોકને બળવાને દાબી દેવા માટે ગુજરાત કમિશ્નર શેકસ્પીયર ની મદદ લેવી પડી હતી.

## ગાંધીનગર એલ.સી.બી.એ આરોપી દબોચ્યો

# શામળાજી દુર્લભ કીડીખાઉં તસ્કરી પ્રકરણ : ૬ મહિનાથી ફરાર મુખ્ય સૂત્રધારની અટકાયત

### વિદેશી દારૂ, માદક દ્રવ્યોની હેરાફેરી બાદ સરહદે પ્રાણીઓની તસ્કરી

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૧૨



અરવલ્લી જિલ્લાની શામળાજી સરહદે દુર્લભ પ્રાણી કીડીખાઉંની તસ્કરીનું રેકેટ ઝડપાયા પછી વન વિભાગની ટીમોએ અન્ય આરોપીઓને શોધવાના પ્રયાસ કર્યા ત્યાં ગાંધીનગર એલ.સી.બી.એ સેક્ટર-૨૨, પંચદેવ મંદિર પાસેથી ફરાર મુખ્ય સૂત્રધાર ફારૂક પટેલ(રહે.અંકલેશ્વર-ભરૂચ)ની અટકાયત કરી કોર્ટમાં રજૂ કર્યો હતો. જ્યાંથી મોડાસા સબજેલમાં મોકલવાનો આદેશ થયો છે. પ્રકરણમાં સંડોવાયેલી આંતરરાજ્ય ગેંગનો પર્દાફાશ થશે કે પછી વન વિભાગ તપાસનાં નાટક પછી ફીડલું તો નહીં વાળે ને ..?? તેવી આશંકા સેવાય છે.

રાજ્યમાં વિદેશી દારૂના બુટલેગરો અને ડ્રગ્સ માફીયાઓએ શામળાજી સરહદે સીંડીકેટ ઉભી કરી છે. રોજ લાખો રૂપિયાનો વિદેશી દારૂ તેમજ નશીલા માદક દ્રવ્યો વાહનો મારફતે આસાનીથી ઘુસાડાઈ રહ્યાં છે. સરહદે ગૌવંશને કતલખાનામાં ધકેલવાનું પણ વર્ષોથી નેટવર્ક ચલાવાઈ રહ્યું છે જેમાં ગત તા.૧૭ સપ્ટેમ્બર-૨૦૨૦ના રોજ શામળાજી સરહદેથી દુર્લભ પ્રાણી કીડીખાઉંનું તસ્કરી રેકેટ બહાર આવ્યું હતું જેમાં રાજસ્થાનથી અરવલ્લી જિલ્લામાં પ્રવેશતી સેન્ટ્રો કારને અટકાવી તલાશી લેતાં તેમાંથી ૨ કીડીખાઉં પ્રાણી મૃત હાલતમાં તેમજ ભીંગડાં મળી આવતાં વન વિભાગ ચોંકી ઉઠ્યો હતો. એક ઈસમની પૂછપરછ શરૂ કરી ત્યાં ૨ ઈસમો ભાગી છૂટવામાં સફળ રહ્યા હતા. તપાસ દરમ્યાન ૮ થી વધુ આરોપીઓ હોવાની આશંકા હતી જેમાંથી અગાઉ ૬ આરોપીઓની અટકાયત કરી હતી અને ફરાર થયેલો વધુ એક આરોપી ગાંધીનગર એલ.સી.બી.ની ટીમે ઝડપ્યા પછી અરવલ્લીના વન વિભાગને સોંપવામાં આવ્યો છે.

**વિદેશોમાં કીડીખાઉંના ભીંગડાંની મોટી માંગ..**

શામળાજી સરહદેથી કીડીખાઉંની તસ્કરીનો પર્દાફાશ થયો છે. નિશાચર પ્રાણી કીડીખાઉંના શરીર ઉપર ભીંગડાં હોય છે જે તેના માટે સુરક્ષાનું કવચ પુરૂ પાડતાં હોય છે પરંતુ રક્ષણ આપતાં ભીંગડાં જ કીડીખાઉં માટે મૃત્યુ કવચ સાબિત થયાં છે. કારણ કે આંતરરાષ્ટ્રીય બજારમાં તેની દવાઓ બનાવવામાં મોટી માંગ રહેતી હોય છે. કીડીખાઉંના વિવિધ અંગોનો ઉપયોગ સોરાઈસીસ, કેન્સર, શ્વાસ સહિતની બિમારી માટે થતો હોવાથી દવાઓ બનાવતી કંપનીઓમાં તેની મોટી માંગ રહેતી હોય છે જેના કારણે કીડીખાઉંની તસ્કરીનું રેકેટ દેશભરમાં પથરાયેલું હોવાની આશંકા બળવત્તર બની છે.

**કીડીખાઉંની તસ્કરીમાં કલકત્તાનું કનેક્શન ખૂલે તેવી સંભાવના**

દેશભરમાં વન્ય પ્રાણીઓની તસ્કરીનું રેકેટ ચાલી રહ્યું છે તેમાંય કલકત્તા હબ બની ગયું છે. કલકત્તાથી ગેરકાયદેસર પક્ષીઓ તેમજ અન્ય પ્રાણીઓને કન્ટેનરોમાં ભરી ચીન સહિતના દેશોમાં મોકલવામાં આવી રહ્યાં છે. જો તપાસ થાય તો રાજ્ય સહિત રાજસ્થાનમાંથી કીડીખાઉંની હત્યા કરી કલકત્તા સુધી પહોંચતાં કરવાના ષડયંત્રનો પર્દાફાશ થઈ શકે છે.

# સરડોઈ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રમાં કોરોનાની રસી મૂકાવવા માટે વૃદ્ધોનો ધસારો

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૧૨

વૈશ્વિક મહામારી કોરોનાને નેસ્ત નાબૂદ કરવા માટે વેક્સિનેશનની કામગીરી ચાલી રહી છે ત્યારે મોડાસા તાલુકાના સરડોઈ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રમાં કોરોનાની રસી મૂકાવવા માટે વૃદ્ધોનો ધસારો શરૂ થયો છે. સરડોઈ પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર તેમજ મેઢાસણ સામૂહીક આરોગ્ય કેન્દ્ર તાબાના



૭૫૦ થી વધુ વૃદ્ધો રસી મૂકાવી કોરોના સંક્રમણથી સુરક્ષિત બની ગયા છે. બંન્ને આરોગ્ય કેન્દ્રો ઉપર અત્યાર સુધીમાં રસીકરણની કામગીરી ૪૦ ટકા સુધી પહોંચી હોવાનું મેડીકલ ઓફીસર ડૉ.એસ.બી.ચારણે જણાવ્યું છે.

**૭૫૦ વૃદ્ધો રસી મૂકાવી સંક્રમણથી સુરક્ષિત : રસીકરણની ૪૦ ટકા કામગીરી**

જિલ્લાની સરકારી હોસ્પિટલો તેમજ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોમાં સરકારી ગાઈડલાઈન મુજબ ૫૦ વર્ષથી વધુની વયના નાગરિકો તેમજ ગંભીર રોગ ધરાવતા સિનિયર સિટીઝનોને નિઃશુલ્ક કોરોના રસી આપવાનું અભિયાન યુદ્ધના ધોરણે શરૂ કરવામાં આવ્યું છે. ગ્રામ્ય વિસ્તારમાં રસીકરણની શરૂઆતમાં સર્વે શરૂ કરવામાં આવ્યો હતો જેમાં અસંખ્ય વૃદ્ધોએ ડરના માર્યા રસી લેવાથી ઈન્કાર કરી દીધો હતો પરંતુ હવે રસીકરણની જાગૃતિ સફળ થઈ છે. મોડાસા તાલુકાના સરડોઈ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રમાં રસીકરણનો લક્ષ્યાંક સફળ થાય તે માટે મેડીકલ ઓફીસર તેમજ આરોગ્ય કર્મીઓ દ્વારા પ્રયાસ શરૂ કરવામાં આવ્યા હતા જેમાં અત્યાર સુધીમાં પ્રાથમિક આરોગ્ય કેન્દ્રમાં ૪૨૧ અને મેઢાસણ સામૂહીક આરોગ્ય કેન્દ્રમાં ૩૨૯ વૃદ્ધોએ કોરોનાની રસી મૂકાવી હોવાનું જાણવા મળ્યું છે.

# ગણેશપુરાની સગીરાનું અપહરણ: બાયડ તાલુકાનો બનાવ

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૧૨

બાયડ તાલુકાના ગણેશપુરાની સગીરાને પ્રેમજાળમાં ફસાવી મહોબતપુરા ગામનો જેકો ઉર્ફે નરવત ઉર્ફે જયદીપ રૂપાજી પરમાર અપહરણ કરી ભગાડી જતાં પોલીસ ફરિયાદ થઈ છે. બદકામ કરવાના ઈરાદા સાથે સગીરાને ઉઠાવી જવામાં આવી હોવાનું જાણવા મળતાં પરિવારે આંબલિયારા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ આપી છે.

પ્રાપ્ત જાણકારી મુજબ તાલુકાના મહોબતપુરા ગામના જયદીપ પરમારે ગણેશપુરાની સગીરા સાથે વાતચીતના સબંધો કેળવ્યા પછી તેની સાથે પ્રેમ સબંધ બાંધ્યો હતો જેમાં તા.૯ના રોજ સગીરાને લગ્ન કરવાની લાલચ આપી અપહરણ કરી ભગાડી જતાં આંબલિયારા પોલીસે ગુનો નોંધી ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે.

# બાયડના ઝાંઝરીના ભોગીયા ધરાના વારંવાર હાદસા છતાં તંત્રનાં મગરનાં આંસુ

### ૧૪ વર્ષમાં ૬૦ સહેલાણીઓના મોત, પગલાં ભરવામાં તંત્ર ઉણું ઉતર્યુ

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૧૨

જિલ્લાના હાઈવે ઉપર એક જ સ્થળે બે થી વધુ લોકોના મોત નિપજે એટલે તંત્ર સ્પીડ બ્રેકર બનાવી જરૂરી પગલાં ભરે છે. બાયડ તાલુકાના પર્યટક ધામ ઝાંઝરીના ભોગીયા ધરામાં ૧૪ વર્ષમાં ૬૦ થી વધુ સહેલાણીઓના મોત છતાં તંત્ર આજે પણ સુરક્ષાનાં યોગ્ય પગલાં ભરવાને બદલે મગરનાં આંસુ સારી રહ્યું છે. અગાઉ તંત્રએ ભોગીયા ધરાને સુરક્ષિત કરવાની તિકડમબાજી કર્યા પછી પણ ૩ પ્રાંત અધિકારી બદલાયા પરંતુ કોઈ ઉકેલ આવ્યો નથી.

રાજ્ય સરકારે પ્રવાસન ધામોના વિકાસ માટે દર વર્ષે લાખો-કરોડો રૂપિયાની ગ્રાન્ટ ફાળવે છે. વર્ષ-૨૦૧૮ના જાન્યુઆરીમાં જિલ્લા સલાહકાર સમિતિની બેઠકમાં પણ ઝાંઝરીના ભોગીયા ધરાનો પ્રશ્ન ગંભીરતાપૂર્વક ચર્ચવામાં આવ્યો હતો. અગાઉના જિલ્લા કલેક્ટર શાલીની અગ્રવાલે આ મુદ્દે યોગ્ય હલ લાવવાની સાથે પર્યટકોનો જીવ જોખમાય નહીં તે પ્રકારે તકેદારી રાખવા વહીવટી તંત્રને સૂચના આપ્યા પછી પણ સ્થાનિક લેવલેથી કશું ઉકાળવામાં આવ્યું નથી. પાછલા ૨ વર્ષમાં ભોગીયા ધરાએ વધુ ૬ સહેલાણીઓનો ભોગ લીધો છે.



**અત્યાર સુધીમાં ૧૫ થી વધુ મૃતકોને બહાર કાઢ્યા છે : સ્થાનિક તરવૈયા**

બાયડ : બાયડના ઝાંઝરીનો ભોગીયો ધરો સહેલાણીઓના જીવ લેવા માટે કુખ્યાત બની ગયા છે છતાં સ્થાનિક લેવલે તરવૈયા તેમજ રેસ્ક્યુ ટીમો મૂકવામાં આવી નથી. સહેલાણી ડૂબી જાય એટલે નજીકમાંથી તરવૈયાઓને બોલાવી લાશ બહાર કાઢવામાં આવે છે. માનપુરના સ્થાનિક તરવૈયાએ અત્યાર સુધીમાં ૧૫ થી વધુ મૃતકોને ભોગીયા ધરામાંથી બહાર કાઢ્યા છે અને ૧૫ થી વધુ લોકોને ડૂબતાં બચાવ્યા છે છતાં મોટી ભલામણોથી વહીવટી તંત્ર અનેક લોકોનું વિશિષ્ટ સન્માન કરે છે પરંતુ આવા સેવાભાવી તરવૈયાઓનું સન્માન કરવાનું ભૂલ્યું છે તે પણ તંત્રએ યાદ રાખવું રહ્યું.

**ભોગીયા ધરામાં પુરણ કરાય તો હાદસા અટકાવી શકાય : સ્થાનિકો**

બાયડ : દર રવિવારે ઝાંઝરીના ભોગીયા ધરામાં કોઈ ડૂબીને મોતને ભેટ્યું કે કેમ..?? તેવા અમંગળ સમાચારની રાહ જોવાતી હોય છે. મોટાભાગે રવિવારે જ પર્યટકોની સંખ્યા વધુ હોવાથી હાદસા બને છે. ઝાંઝરીનો ભોગીયો ધરો સંપૂર્ણ સૂંઢ આકારનો ઉંડાણમાં હોવાથી અજાણ્યો સહેલાણી ન્હાવા પડે એટલે છેક તળીયે ધકેલાઈ જાય છે અને બહાર આવવામાં મુશ્કેલી પડતાં વધુ પડતું પાણી પી જવાથી મોતને ભેટે છે. પરંતુ વહીવટી તંત્ર માત્ર ૧ થી ૨ લાખનો ખર્ચ કરે અને રેતી ભરેલી પ્લાસ્ટીકની થેલીઓ ભોગીયા ધરામાં ઠાલવી દે તો પણ આવા હાદસા અટકાવી શકાય તેમ સ્થાનિકોએ જણાવ્યું છે છતાં વહીવટી તંત્ર મુલાકાતના તમાશા પાછળ હજારો રૂપિયાનો ખર્ચ કરે છે પરંતુ પર્યટકોની જીંદગી બચાવવા કોઈ પગલાં ભરતું નથી.

# બાયડ એસ.ટી. ડેપોના મિકેનિકલ વિભાગનો ખાડે ગયેલો વહીવટ

### દોડતી એસ.ટી. બસ જોખમી બની, બેજવાબદાર સ્ટાફ સામે પગલાં ભરાય

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૧૨

આવકની દ્રષ્ટીએ તંત્ર માટે કમાઉ દિકરો બનેલો બાયડ એસ.ટી. ડેપોની કેટલીક બસો મુસાફરો માટે જોખમી બની છે. પાછલા એક સપ્તાહમાં જ દોડતી એસ.ટી. બસમાંથી વ્હીલ બેરીંગ નિકળી જવી, પાઈપ લીકેઝ થઈ જવી જેવા અનેક બનાવો બન્યા છતાં ડેપો મેનેજર દ્વારા બેજવાબદાર મિકેનિકલ સ્ટાફ સામે પગલાં ભરાયાં નથી.



બાયડ એસ.ટી. ડેપોના મેનેજરની સારી કામગીરીની એસ.ટી. વિભાગીય વડાએ પણ પ્રસંશા કરી છે પરંતુ ક્યારેક સ્ટાફની અણઆવડતના કારણે સારી કામગીરી ઉપર છાંટા ઉડતા હોય છે. બાયડ એસ.ટી. ડેપોના મિકેનિકલ સ્ટાફ સહિતનો કેટલોક સ્ટાફ નશામાં રહેતો હોવાની લોકવાયકા છે. ગત તા.૬ માર્ચના રોજ બાયડ ડેપોની અમદાવાદ તરફ જતી એસ.ટી. બસ ચોઈલા રેલવે ક્રોસિંગ પાસેથી પસાર થતી હતી ત્યારે એકાએક વ્હીલ બેરીંગ નિકળી જતાં બસ ખોટકાઈને ઓમ રેસીડેન્સીના પ્રવેશદ્વાર આગળ ખોટકાઈ પડી હતી જેના કારણે કાળઝાળ ગરમીમાં મુસાફરોને અન્ય વાહનો શોધવાની ફરજ પડી. ત્યાર પછી પણ બાયડ એસ.ટી. ડેપોમાં જ દોડતી બસોમાં અનેક પ્રકારની ખામીઓ જોવા મળી છે ત્યારે ડેપો મેનેજર રાજેશ પટેલે બેદરકાર સ્ટાફ સામે પગલાં ભરવાં પડશે અન્યથા કોઈ ગંભીર હાદસો સર્જાશે તો મુસાફરો એસ.ટી. બસમાં બેસવાનું જ ટાળી દેશે.

# ધો.૧૨ બોર્ડ પરીક્ષા : ઉત્તર ગુજરાતમાં આવેદનપત્ર ભરવાની મુદત તા.૨૨ માર્ચ સુધી લંબાવાઈ

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૧૨

સ્થાનિક સ્વરાજ્યનો ચૂંટણી જંગ અને કોરોનાએ ફરી માથું ઉંચક્યા પછી ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા ધો.૧૨ સામાન્ય પ્રવાહ, વ્યવસાયલક્ષી પ્રવાહ અને ઉત્તર બુનિયાદી પ્રવાહ મે.-૨૦૨૧ માં યોજાનારી પરીક્ષાના આવેદનપત્રો રેગ્યુલર ફી સાથે ભરવાની અંતિમ તા.૧૨ માર્ચ હતી જેમાં ૧૦ દિવસનો વધારો કરી તા.૨૨ માર્ચ-૨૦૨૧ સુધી લંબાવવામાં આવી છે. ઉત્તર ગુજરાતમાં ધો.૧૨ના ૧.૩૦ લાખથી વધુ વિદ્યાર્થીઓ બોર્ડની પરીક્ષા આપવાના છે. કોરોનાએ માનવ જીવનની શૈલીમાં બદલાવ લાવ્યા પછી અનેક ફેરફાર સરકારને પણ આયોજનમાં કરવા પડ્યા છે. દર વર્ષે માર્ચમાં બોર્ડ પરીક્ષા યોજાતી હતી પરંતુ કોરોનાના કારણે શાળાઓમાં પ્રત્યક્ષ શિક્ષણ શરૂ થઈ શક્યું ન હતું અને મે.-૨૦૨૧ માં પરીક્ષાનું બોર્ડ દ્વારા આયોજન થયું છે. કોરોનાના કારણે

**કોઈ વધારાની ફી લેવાશે નહીં**

વારંવાર આવેદનપત્ર ભરવાની મુદતમાં ફેરફાર કરવામાં આવ્યા છે. તા.૧૨ માર્ચ સુધી ધો.૧૨ વિજ્ઞાન પ્રવાહ સિવાયના પ્રવાહ માટે આવેદનપત્ર ભરવાની મુદતમાં વધારો કરવામાં આવ્યો છે. તા.૧૩ માર્ચ થી ૨૨ માર્ચ સુધી ઓનલાઈન આવેદનપત્ર ભરી શકાશે જે માટે અલગથી લેઈટ ફી લેવામાં નહીં આવે. જે કોઈ શાળાઓને ફાઈનલ એપ્રિવલ કરેલ હોય અને આવેદનપત્રો ભરવાના કે સુધારા કરવાના બાકી હોય તો ફાઈનલ એપ્રુવલનું ટીકમાર્ક કાઢીને સબમીટ કરવાથી આવેદનપત્ર ભરી શકાશે અને સુધારો કરી શકાશે. બોર્ડની વેબસાઈટ ઉપર ઓનલાઈન આવેદનપત્રો ભરવાની સૂચનાઓ સાથે ફી ભરવા સબંધિત સ્પષ્ટ સુચનાઓ મૂકવામાં આવી છે તેમ ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડ-ગાંધીનગરના નાયબ નિયામક(પરીક્ષા) દ્વારા જણાવવામાં આવ્યું છે.

# પ્રાંતિજ પોલીસે નેશનલ હાઈવે આઠ પર નડતર રૂપ વાહનોનો અડીંગો હટાવ્યો

### રોજીદુ અવરજવર કરતા લોકોને નડતર રૂપ વાહનોને પોલીસે હટાવ્યા: ત્રણ ટ્રેક્ટર ડીટેન કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી

પ્રાંતિજ તા.૧૨

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ નેશનલ હાઈવે આઠ વણઝારા વાસ પાસે આવેલ સર્વિસ રોડ ઉપર લાગેલ વાહનોનો અડીંગો પ્રાંતિજ પોલીસે હટાવ્યો તો પ્રાંતિજ પોલીસ દ્વારા ત્રણ જેટલા ટ્રેક્ટર ડીટેન કરી કાયદેસર ની કાર્યવાહી હાથધરી હતી.



પ્રાંતિજ ના નેશનલ હાઈવે આઠ વણઝારા વાસ પાસે આવેલ સર્વિસ રોડ ઉપર લાગેલ વાહનોનો અડીંગો ને પ્રાંતિજ પોલીસે સ્થળ ઉપર જઈ ને દુર કર્યો હતો તો સર્વિસ રોડ ઉપર પાર્કિંગ કરેલ ત્રણ જેટલા ટ્રેક્ટરો ને ડીટેન કરી આઈપીસી ૨૮૩ મુજબ કાયદેસર ની કાર્યવાહી હાથધરી હતી તો પ્રાંતિજ પોલીસે સર્વિસ રોડ ઉપર નડતર રૂપ વાહનો ને દુર કરવામા આવતા અહીંથી અવરજવર કરતા રહીશોમા ખુશીજોવા મળી હતી.

## અવસાન નોંધ..



બાયડ તાલુકાના વાત્રકના દેવાભાઈ દેસાઈ(સામાજીક કાર્યકર)ના પિતા બળદેવભાઈ હરજીભાઈ દેસાઈનું નિધન થતાં સ્વર્ગસ્થની અંતિમ યાત્રામાં અનેક લોકો જોડાયા હતા. સ્વર્ગસ્થનું બેસણું તા.૧૪ માર્ચ, રવિવારે સવારે ૯-૦૦ થી ૧-૦૦ તેમના નિવાસસ્થાન વાત્રક, તા.બાયડ ખાતે રાખેલ છે.

## લાલોડાની પરણિતા ગુમ થતાં ફરિયાદ

ઈડર.તા.૧૨

ઈડર તાલુકાના લાલોડા ગામના જીગ્નેશ કુમાર ભીખાભાઈ પટેલ ના લગ્ન વિજયનગર તાલુકાના બાલેટા ગામના રાકેશભાઈ દીકરી અંજલી ઉંમર( વર્ષ ૨૩ )સાથે પાંચ વર્ષ પહેલા થયા હતા ઈડર શ્રીનગર મા આવેલ અક્ષરા બ્યુટીપાલરમા બ્યુટીપાલર નું કામ શીખવા જતી હતી તેમજ ઈડર કોલેજ મા આંબેડકર યુનિવર્સીટી મા એક્સ



સ્ટુડન્ટ તરીકે અભ્યાસ કરતી હતી અંજલિએ ૨૨ ફેબ્રુઆરી સવારે ૮ પતિ જીગ્નેશ ને કહ્યું હતું કે મારે મારા માતા-પિતાને મળવા પિયર જાવું છે પતિ જીગ્નેશે ૧૧:૦૦ ઈડર બસ સ્ટેન્ડ માં પોતાની મોટરસાયકલ લઈ મુકવા ગયો હતો અંજલિને બસમાં બસ સ્ટેશનમાં ઉતારીને છે તેના સારા નૈતિકને ફોન કરીને કહ્યું હતું કે અંજલી ઘરે આવવા નીકળી છે બપોરના ૧:૦૦ નૈતિક નો ફોન જીગ્નેશ પર આવ્યો હતો કહ્યું હતું કે હજી સુધી અંજલી ઘરે આવી નથી ત્યારે જીગ્નેશ કર્યું હતું કે બસ લેટ હશે અંજલી ઘરે આવી જશે અંજલી આવે ત્યારે મને ફોન પર વાત કરાવજો સાંજના ૭:૦૦ જીગ્નેશ ના સાસુ કોકિલા બેન નો ફોન આવ્યો હતો હજી સુધી ઘરે આવી નથી ભિલોડા ધોલવાણી રહેતા અંજલિના ધર્મનો ભાઈ નિલેશભાઈ અને અંજલી ના મામા સુરેશભાઈ ને ફોન કર્યો હતો પણ કોઈ સમાચાર ન મળ્યા હતા કહ્યા વગર ક્યાંક ચાલી ગયા જતી રહી હતી અંજલી ની શોધખોળ કરતા ન મળતા ઈડર પોલીસ સ્ટેશન મા ગુમ થયા ની ફરિયાદ નોંધાઈ.

## જન્મદિને વધામણી



ભાટીયા ધાર્વિ શૈલેષભાઈ બાયડ



પટેલ જયાંશુ પ્રતિકકુમાર ધાવવકંપા (બાયડ)